# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સેવા અને સમર્પણના 25 વર્ષ નિમિત્તે રાજ્યના ચાર યાત્રાધામો ખાતેથી વડનગરથી વારાણસી સેવાયાત્રાનો આજથી પ્રારંભ.**
2. **પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ નોંધાયેલા તમામ ખેડૂત માટે દર વર્ષે બાયોમેટ્રિક ઇ-કેવાયસી ફરજિયાત.**
3. **રાજ્યભરમાં આજે ભારે વરસાદની આગાહી - તાપીના ઉકાઇમાં 11 ઇંચ, છેલ્લા 24 કલાકમાં 193 તાલુકામાં વરસાદ.**
4. **ગાંધીનગરમાં PM - ઇ બસમાં મુસાફરોને એક રૂપિયામાં મુસાફરીની સુવિધા.**
5. **વિશ્વ વિખ્યાત તરણેતરના મેળાનો આવતીકાલથી આરંભ–વિવિધ વાદ્યસ્પર્ધાનું આયોજન.**
6. **મહિલા T20 ક્રિકેટ એશિયા કપની ફાઇનલમાં ભારતનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન શ્રીલંકા સામે - પુરુષ ક્રિકેટમાં આજથી અફઘાનિસ્તાન સામે દિલ્હીની ટી-20 મેચ સાથે શ્રેણીનો આરંભ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# SEVA SANKALP YATRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 25 વર્ષની અને સમર્પિત જનસેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર દરમિયાન સમગ્ર રાજ્યમાં "સેવા સંકલ્પ અભિયાન" હાથ ધરાશે.

આ અભિયાન અંતર્ગત આજથી રાજ્યભરમાં "વડનગરથી વારાણસી સેવાયાત્રા" બાઇક રેલીનો આરંભ થશે. મંત્રી જીતુ વાઘાણી અને મંત્રી નરેશ પટેલ નવસારીના પવિત્ર ઉનાઈ માતાજીના મંદિર ખાતેથી આ સેવાયાત્રાને પ્રસ્થાન કરાવશે.

રાજ્યના અન્ય મુખ્ય યાત્રાધામો સોમનાથ, પાવાગઢ અને શામળાજી ખાતેથી આ યાત્રા થશે. આ ચાર પવિત્ર ધામોથી નીકળેલી યાત્રા 16મીએ વડનગર પહોંચશે તેમ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

## BYTE- JITU VAGHANI, SPOKESPERSON MINISTER

યાત્રાના પ્રથમ તબક્કાના અંતે વડનગર ખાતે કળશમાં એકત્રિત પવિત્ર જળથી શ્રી હાટકેશ્વર મહાદેવનો ભવ્ય જળાભિષેક કરાશે. 17 સપ્ટેમ્બરના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં શર્મિષ્ઠા તળાવ ખાતે 500થી વધુ સાધુ-સંતો અને 10 હજારથી વધુ શ્રદ્ધાળુઓની હાજરીમાં મહાઆરતી યોજાશે.

શ્રી અમિત શાહ અલગ-અલગ 10 રૂટ પર વડનગરથી વારાણસીની સેવાયાત્રાને ફ્લેગ ઓફ કરાવશે. સાથોસાથ, વારાણસીથી પણ વડનગર માટે 10 કળશ યાત્રાઓ રવાના થશે. આ 20 દિવસીય સેવાકીય યાત્રા દરમિયાન માર્ગમાં આવતી તમામ પવિત્ર નદીઓનું જળ કળશમાં સંચિત કરવામાં આવશે.

વારાણસી ખાતે યાત્રાના સમાપન સમયે આ પવિત્ર જળથી કાશી વિશ્વનાથ મહાદેવનો જળાભિષેક કરીને રાષ્ટ્રના કલ્યાણની પ્રાર્થના કરવામાં આવશે.

# PM KISAN SANMAN NIDHI

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ નોંધાયેલા તમામ ખેડૂત લાભાર્થીઓએ આગામી હપ્તાની ચૂકવણી પહેલા દર વર્ષે બાયોમેટ્રિક ઇ-કેવાયસી ફરજિયાત કરાવવું પડશે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને સમયસર સહાય મળી રહે તે માટે હવે લાભાર્થીઓએ દરેક નાણાકીય વર્ષના પહેલા હપ્તાના રિલીઝ પહેલા નિયત ઇ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે તેમ, કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું.

31 માર્ચ 2026 પછી જે લાભાર્થીઓએ ઇ-કેવાયસી નથી કરાવ્યું, પરંતુ પૉર્ટલ પરના સ્ટેટસમાં ઇ-કેવાયસી – યસ દર્શાવે છે. તે લાભાર્થીઓએ પણ યોજના હેઠળ અવિરત સહાય મેળવવા નવેસરથી ઇ-કેવાયસી કરાવવું પડશે.

# RAIN –DISTRICT

રાજ્યમાં લાંબા વિરામ બાદ ફરી કેટલાક જિલ્લામાં વરસાદના અહેવાલ છે. અત્યાર સુધી **193** તાલુકાઓમાં વરસાદ પડ્યો છે, જેમાં તાપી જિલ્લાના ઉકાઈમાં **11** ઈંચ કરતાં વધુ વરસાદ થયો છે. પંચમહાલ જિલ્લાના ગોધરા સહિત હાલોલ, કાલોલ, શહેરા, મોરવા હડફ, ઘોઘંબા અને જાંબુઘોડામાં ગાજ વીજ સાથે વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશી જોવા મળી છે અને લોકોને ગરમી અને બફારાથી રાહત મળી છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ પંથક તેમજ માલપુરના સજ્જનપુરા, કંપા વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. ભરૂચ જિલ્લામાં પણ ગઈકાલે સાંજે ઝાડેશ્વર, તુલસીધામ સ્ટેશનના વિસ્તારમાં પવન સાથે વરસાદ પડ્યો હતો. બોટાદ જિલ્લાના બરવાળા સહિત તાલુકાના કુંડળ, ટીંબલા, બેલા, રોજીદ, રામપરા, ખમીદાણા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ઝરમર વરસાદ પડ્યો હતો. છોટાઉદેપુર જિલ્લામાં ધોધમાર વરસાદ વરસતા બોડેલીના ચલામલી જવાના મુખ્ય માર્ગ ઉપર પાણી ભરાયું હતું.

# WEATHER

રાજ્યભરમાં ગઇકાલથી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે, ત્યારે હવામાન વિભાગે 15મી સપ્ટેમ્બર સુધી વરસાદ વરસવાની આગાહી કરી છે. આજે નવસારી વલસાડ દમણ અને દાદરા નગર હવેલીમાં રેડ એલર્ટ સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી અને ડાંગમાં ઓરેન્જ એલર્ટ સાથે અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ ઉપરાંત પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ, રાજકોટ, બોટાદ, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર અને નર્મદામાં યેલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી હોવાનું હવામાન વિભાગના વડા ડોક્ટર એ કે દાસે જણાવ્યુ હતું.

## BYTE: A.K.DAS, IMD

**(“14th** सेप्टेंबर इसमें वेरी हैवी ऑरेंज वार्निंग के साथ आइसोलेटेड प्लेसेस में वार्निंग दिया गया है गुजरात रीजन में और सौराष्ट्र-कच्छ में ऑरेंज वार्निंग दिया गया है हैवी टू वेरी हैवी रेनफॉल का आइसोलेटेड प्लेसेस होने का संभावना रहेगा। **13-14** का भी फिशरमैन वार्निंग है दोनों क्षेत्र एंटायर गुजरात जो तटीय क्षेत्र है इसमें विंड स्पीड **40** से **50** किमी गस्टिंग जो स्पीड रहेगा **60** किमी प्रति घंटा जाने का संभावना रहेगा।**”)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

...................................

# LOK ADALAT

ગાંધીનગર જિલ્લામાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ **26** હજાર **213** કેસનો નિકાલ કરાયો છે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લા તથા તાલુકા અદાલતોમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરાયું હતું.

એક જ દિવસમાં કુલ **26** હજાર **213** કેસોનો નિકાલ થતાં ગાંધીનગર જિલ્લામાં પેન્ડિંગ કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સમાધાન લાયક કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે જુડિશિયલ ઓફિસર અને મિડિયેટરની અલગ અલગ બેન્ચ બનાવી કન્સિલિએશનની કામગીરી કરવામાં આવી હતી.

# GNR PM E BUS SERVICE

ગાંધીનગરમાં આગામી 11 નવેમ્બર સુધી પીએમ ઇ-બસમાં માત્ર એક રૂપિયામાં મુસાફરી કરી શકાશે. આગામી તહેવારને ધ્યાનમાં રાખી મહાનગરપાલિકા દ્વારા કરાયેલા આ જાહેરાત બાદ લોકો ભાઈબીજ સુધી પીએમ ઇ-બસમાં નજીવા દરે મુસાફરી કરી શકાશે.

તહેવારોના સમયે વિદ્યાર્થીઓ, શ્રમિકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો સહિત તમામ શહેરીજનોને પોષાય તેવી સુરક્ષિત પરિવહન સેવા પૂરી પાડવા આ નિર્ણય કરાયો હોવાનું મહાનગરપાલિકા દ્વારા જણાવાયું. સાથે જ મહાપાલિકા દ્વારા લોકોને આ વિશેષ ભાડા યોજનાનો મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં 30 નવી ઇ-બસનું લોકાર્પણ કર્યું હતું.

# IIFT GIFT CITY NEXUS_2026

ગાંધીનગર **IIFT GIFT** સિટી કેમ્પસમાં **NEXUS-2026**નું આયોજન કરાયું હતું. નવી પેઢીની પ્રતિભા, ટેક્નોલોજી અને વૈશ્વિક વેપાર પર નેતૃત્વ પરિષદમાં કાર્યસ્થળે જનરેશન ઝેડની ભૂમિકા અને અપેક્ષાઓ પર મંથન કરવામાં આવ્યુ હતું. વિશેષ કરીને કૃત્રિમ બુદ્ધિમત્તાથી કાર્યસ્થળમાં આવી રહેલા પરિવર્તન પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હોવાનું **IIFT** ગાંધીનગરના પ્રોફેસર ડોક્ટર પ્રતિક માહેશ્વરીએ જણાવ્યુ હતું.

## BYTE- DR. PRATIK MAHESHWARI, FACULTY, IIFT GANDHINAGAR

*(“**IIFT** बहुत वेल-नोन् इंस्टीट्यूट है और हमारा मेजर जो प्रयास था इस ईवेंट के थ्रू कि हाउ वी कैन रीच आउट टू दी **CHROs** एंड इंडस्ट्री। एक बार हमेशा से कहा गया है कि इंडस्ट्री और अकैडेमिया साथ-साथ जनरली नहीं आते हैं, बट इसका उद्देश्य यही था कि टॉप लीडर्स जो भी इंडस्ट्री के हैं **GIFT** सिटी के और इस रीजन के, उन लोगों को एक साथ लाया जाए और स्टूडेंट्स को हम कैसे नेक्स्ट लेवल पे हम मतलब समझा सकते हैं कि हाउ अह व्हाट आर द एक्सपेक्टेशंस फ्रॉम देम।” )*

# TARANETAR RURAL SPORTS

આવતીકાલથી ત્રણ દિવસ વિશ્વવિખ્યાત તરણેતરનો મેળો શરૂ થશે. મેળામાં આ વર્ષે પણ પરંપરાગત ગ્રામીણ સાંસ્કૃતિક સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ત્રણ દિવસીય સાંસ્કૃતિક મહાકુંભ દરમિયાન કુલ 25 જેટલી વિવિધ પરંપરાગત સ્પર્ધાઓ યોજાશે તેવી માહિતી જિલ્લા યુવા વિકાસ અધિકારી ભરતસિંહ ગોહિલે આપી હતી.

## BYTE- BHARATSINH GOHIL, YOUTH DEVELOPMENT OFFICER

*("વિશ્વ વિખ્યાત તરણેતરના મેળામાં આ વખતે તારીખ **14/9/2026** ને પ્રથમ દિવસના રોજ વાદનની બધી સ્પર્ધાઓ જેમ કે રાવણહથ્થો, ઢોલ, વાંસળી, મોરલી, ડાક ડમરૂ, શરણાઈ, શંખ, ઝાંઝ-મંજીરા અને કરતાલ એ પ્રથમ દિવસની સ્પર્ધાઓ રહેશે.")*

# CRICKET-T20 ASIA CUP

મહિલા T20 ક્રિકેટ એશિયા કપની ફાઇનલમાં ભારતનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન શ્રીલંકા સામે થશે. દુબઈમાં રમાનારી આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે આઠ વાગે રમાશે. સેમિફાઇનલમાં ભારતે બાંગ્લાદેશને 40 રનથી હરાવ્યું.

ભારતે ગ્રુપ Aમાં બધી મેચ જીતીને ટોચનું સ્થાન મેળવ્યું. શ્રીલંકાએ સેમિફાઇનલમાં પાકિસ્તાનને હરાવ્યું. શ્રીલંકાએ પણ પોતાના ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવ્યું. શ્રીલંકાએ અગાઉ 2024માં આ ટાઇટલ જીત્યું હતું. જ્યારે ભારતે આ ટાઇટલ સાત વખત જીત્યું છે.

# CRICKET - IND-AFG T20I

પુરુષોની ક્રિકેટમાં ભારત આજે ત્રણ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં અફઘાનિસ્તાન સામે રમશે. બીજી મેચ મંગળવારે, ત્રીજી અને અંતિમ મેચ ગુરુવારે રમાશે. બધી મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે રમાશે.

શ્રેયસ ઐયર ભારતીય ટીમનું નેતૃત્વ કરશે, તિલક વર્મા ઉપ-કપ્તાન રહેશે. વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન ભારતીય ટીમમાં પરત ફર્યો છે, જ્યારે અરુણ ચક્રવર્તી પણ ઈજા બાદ અને વૈભવ સૂર્યવંશીનો પણ ટીમમાં સમાવેશ છે.

ઇબ્રાહિમ ઝદરાન અફઘાનિસ્તાનનું નેતૃત્વ કરશે. ભારતે અફઘાનિસ્તાન સામે રમાયેલી નવ T20 મેચમાંથી આઠ જીતી છે, જ્યારે એક મેચ ડ્રો રહી છે.

# SHRAVAN MELO

જામનગર જિલ્લામાં મહાનગરપાલિકા દ્વારા યોજાતો 11 દિવસીય શ્રાવણી લોકમેળો સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ મેળામાં સાડા છ લાખથી વધુ સહેલાણીઓએ મેળો મોજ માણી હતી. આ મેળામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ **100**થી વધુ પોલીસ કર્મીઓ તહેનાત રહ્યાં હતા.

# SHRAVAN MAHOTSAV – 2026

પવિત્ર શ્રાવણ માસમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં 30 દિવસમાં 22 લાખ 61 હજારથી વધુ ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા. સોમનાથ ખાતે 13 ઓગસ્ટથી 11 સપ્ટેબર દરમિયાન હર્ષોલ્લાસ સાથે શ્રાવણ મહોત્સવમાં ભક્તિમય વાતાવરણમાં ઉજવાયો.